પાલનપુર નજીક એન્જીનીયરીંગના વિદ્યાર્થીનો મૃતદેહ મળતા સનસનાટી

પાલનપુર, તા.૧૧

પાલનપુરના ઢુંઢીયાવાડી વિસ્તારમાં રહેતો અને સિદ્ધપુરમાં કોલેજ કરતો યુવાન ગત તા. ૬ ફેબ્રુઆરીથી કોલેજ ગયા બાદ પરત ન ફરતાં તેના પરિવારજનો ચિંતામાં ગરકાવ થઈ ગયા છે. ત્યાં તેના પિતાને અજાણ્યા ખંડણીખોર તરફથી તેમના પુત્રને પરત સોંપવા માટે ૩૧ લાખની ખંડણી આપવાનો એસએમએસ મળતાં ચકચાર મચી જવા પામી હતી. તે બનાવમાં યુવાનની લાશ મળી આવી છે.

સતલાસણાનાં રામપુરાથી યુવાનની લાશ મળી આવી છે. હાલમાં યુવાનનાં પરિવારવાળા અને ગામજનો બધા જ શોકગ્રસ્ત છે. ઉલ્લેખનીય છે કે, મુળ ઉત્તરપ્રદેશના વતની બાબુલાલ મોસરીરામ વર્મા ઢુંઢીયા વાડીમાં રહે છે અને બાદરપુરા ઓઈલ મીલમાં એન્જીનીયરીંગ તરીકે નોકરી કરે છે. તેમનો પુત્ર નીરજ વર્મા સિદ્ધપુર ખાતે એન્જીનીયરીંગ કોલેજમાં અભ્યાસ કરે છે. તા. ૬ ફેબ્રુઆરીના રોજ નીરજ કોલેજ ગયા બાદ પરત ન ફરતા તેના પરિવારજનોએ તેની શોધખોળ ચલાવી હતી. પરંતુ તે મળ્યો ન હતો. તેવામાં નીરજના પિતાના મોબાઈલ ફોન પર અજાણ્યા નંબરના મોબાઈલ ફોન પરથી તેમનો પુત્ર પરત જોઈતો હોય તો ૩૧ લાખ આપવા પડશે એ પ્રકારનો ખંડણી માટે એસએમએશ આવતાં આ અંગે તેના પિતાએ પાલનપુર શહેર પશ્ચિમ પોલીસ મથકે ફરીયાદ નોંધાવતા પોલીસ અજાણ્યા ખંડણીખોર વિરૂદ્ધ ખંડણી માંગવી, ધમકી આપવી અને અપહરણનો ગુનો નોંધ્યો હતો તેમજ નીરજને શોધી કાઢવા તેમજ ખંડણીખોરોને ઝડપી પાડવાના ચક્રો ગતિમાન કર્યા હતા.

(તસવીર : મગનજી વણઝારા, હિંમતનગર)

ઈડર તાલુકાના વડીયાવીર ખાતે મહંત શિતલ ગીરીજી મહારાજ જનસેવા પ્રતિષ્ઠાન વડીયાવીરના ગાદીપતિ શાંતિગીરીજી મહારાજ દ્વારા આયોજીત ગૌ કાંતિ અગ્રદૂત ગોપાલ મણીજી દેહરાદૂનવાળાના સ્વમુખેથી ભવ્ય ગૌ કથાનું આયોજન ધેનુ માનસ ગ્રંથ આધારિત કરવામાં આવી રહ્યું છે. જેમાં વિશ્વ હિન્દુ પરિષદના ડૉ. પ્રવિણ તોગડીયા તથા ડૉ. વલ્લભભાઈ કથિરીયા ઉપસ્થિત રહ્યા હતા અને પવિત્ર ગાયનું મહત્વ સમજીને ગાયને ઘરે-ઘરે પહોંચાડવાનું આહ્વાન કર્યું હતું. તેમણે ગૌચરન પુનઃ દબાણો ખસેડી નવસર્જન કરવા ગૌચરબોર્ડ પાસેથી ૧ હેક્ટર માટે ૧ લાખ રૂ.ની સહાય મેળવી વિકાસ કરવા જણાવ્યું હતું. જ્યારે ડૉ. પ્રવિણભાઈ તોગડીયાએ ગૌ બ્રાન્ડના ઉત્પાદનોનો ઉપયોગ આપણા પરિવારોમાં કરવા જણાવી આપણે ગાયની સેવા નહી ગાય આપણી સેવા કરે છે. તેમ જણાવ્યું હતું. ગૌ કથામાં વિશાળ જનમેદનીની હાજરી જોવા મળી હતી અને ગૌ બ્રાન્ડ ઉત્પાદનોનું ભારે આકર્ષણ જોવા મળ્યું હતું.

ડીસા નગરપાલિકા સામે ખુલ્લી જગ્યામાં નાગરીક સુવિધા કેન્દ્ર બનાવવા માટે પાલિકાએ તમ્બો ગોઠવ્યો હતો પરંતુ આ ખુલ્લી જગ્યામાં બાંધકામ થાય તો વેપારીઓને વાહન પાર્કિંગ કરવામાં મુશ્કેલી પડે તેમ હોવાથી વેપારીઓએ વિરોધ કરી આવેદન પત્ર પાઠવ્યું હતું. ડીસા નગરપાલિકા સામે ભોયતળીએ આવેલી જગ્યામાં નાગરિક સુવિધા કેન્દ્ર બનાવવા માટે પાલિકાએ હાથ ધરાયેલી તૈયારીમાં 'પ્રથમ ગ્રા એજ મન્ત્રિકા'ની ઘટના બની છે કેમ કે અહીં બાંધકામ થાય તો નગરપાલિકાની નીચે આવેલ વેપારીઓને વાહન પાર્કિંગ કરવામાં મુશ્કેલી પડે તેમ છે કેમ કે પાલિકા સામેની ખુલ્લી જગ્યા રાષ્ટ્રીય તહેવારોમાં ધ્વજવંદન માટે તેમજ જમીન વિકાસ નકશામાં પાર્કીંગ માટેની જગ્યા ફાળવેલ છે એટલે નકશા વિરૂધ્ધમાં જઈ બાંધકામ કરવાની પાલિકાની નિતી સામે વેપારીઓએ રોષની લાગણી પ્રગટ કરી નાયબ કલેક્ટરને આવેદન પત્ર આપ્યું હતું. મંજુર થયેલ નકશા વિરૂધ્ધ કામકાજ કરવું તે ગેરકાદેસર છે ત્યારે પાલિકા કચેરી સામેની ખુલ્લી જગ્યા પાર્કીંગ માટે ફાળવાયેલી છે છતાં પાલિકાએ નાગરીક સુવિધા કેન્દ્ર બનાવવાનો તમ્બો ગોઠવ્યો છે ત્યારે 'વાડ જ ચીભડા ગળે' તેવી નિતી શહેરમાં ચર્ચાનો વિષય બની છે.

ચોમાસામાં નિષ્ફળ ગયેલા પાકના વળતરની કાગડોળે રાહ જોતા ખેડૂતો

પ્રાંતિજ, તા. ૧૧

ચાલુ વર્ષે પડેલા અનરાધાર વરસાદના કારણે ખેડૂતોને મોટેપાયે નુકશાન સહન કરવી પડી છે. ત્યારે પ્રાંતિજ તાલુકાના ખેડૂતોને પાક ધોવાઈ જવાથી વળતર માટે સર્વે કરવામાં આવ્યો હતો. જેના નાણા આજ સુધી ચૂકવવામાં આવ્યા નથી. તેથી પ્રાંતિજ તાલુકાના ખેડૂતો વળતરની કાગડોળે રાહ જોઈ રહ્યા છે. વરસાદમાં પાક નિષ્ફળ જતા પ્રાંતિજ તાલુકાના ખેડૂતોને રાહત ચૂકવવા માટે સર્વે કરી ફોર્મ ભરવામાં આવ્યા હતા. ફોર્મ ગ્રામ સેવકો અને તલાટીઓ દ્વારા ભરવામાં આવ્યા હતા. તાલુકાના ૬૮૩૭ ખેડૂતોના ભરાયેલા ફોર્મની ચકાસણી ગોકળ ગતીએ ચાલી રહી છે.

ખેડૂતો દ્વારા માગણી કરવામાં આવી છે કે પિયત જમીનના હેક્ટર દીઠ ૯૦૦૦ અને બિન પિયત જમીન હેક્ટર દીઠ ૪૫૦૦ રૂપિયા ક્યારે ઓપવામાં આવશે. તાલુકાના ખેડૂતોની ઝડપથી વળતર ચૂકવવામાં નહિ આવે તો આવનાર સમયમાં સરકારને ખોટુ નુકશાન ભોગવવું પડશે.

ઊંઝા ખાતે ૯ થી ૧૪ ફેબ્રુઆરી વડેચી માતા પ્રાણ પ્રતિષ્ઠા અંતર્ગત રસ્તો બંધ કરાશે

મહેસાણા, તા. ૧૧

તારીખ ૯ થી ૧૪ ફેબ્રુઆરી દરમિયાન ઊંઝા ખાતેશ્રી વડેચી માતા પ્રાણ પ્રતિષ્ઠા મહોત્સવ યોજાનાર છે. જે અંતર્ગત જાહેર સલામતી તેમજ ટ્રાફિક અવર-જવરમાં મુશ્કેલી પડે નહી તે હેતુસર અધિક જિલ્લા મેજીસ્ટ્રેટશ્રી એસ.જે. પટેલ વિવિધ રસ્તો બંધ કરવા હૂકમ કર્યો છે. વડેચી માતાના મંદિરની પૂર્વ બહારમાઢ જતો રોડ, ઉત્તર વડેચી માતાના મંદિરેથી ચબુતરા આગળ થઈ ખજુરી પોળ તરફ જતો રોડ, દક્ષિણએ લાલા દરવાજા થઈ ઉમિયા માતા મંદિર તરફ જતો રોડ આ દિવસોમાં બંધ રાખેલ છે. આ હુકમનો ઉલ્લંઘન કરનાર સામે પોલીસ અધિનિયમ અન્વયે શિક્ષાને પાત્ર ગણાશે તેમ અધિક જિલ્લા મેજીસ્ટ્રેટની અખબારી યાદીમાં જણાવાયું છે.

દેશમાં આગામી ટૂંક સમયમાં યોજાનાર લોકસભાની ચૂંટણીને લઈ તમામે રાજકીય પક્ષો દ્વારા મતદારોને પોતાના તરફ મતદાન કરાવવા પ્રેરીત કરવા આયોજનો ઘડવામાં આવી રહ્યા છે. ત્યારે ભાજપ દ્વારા મુખ્યમંત્રી ન.મો.ને દેશના વડાપ્રધાન બનાવવાની તડામાર તૈયારીઓ આરંભ કરી દેવામાં આવી છે. જે અંતર્ગત આજરોજ શહેરની યમુના વાડી ખાતે પાટણ જિલ્લા ભાજપની કારોબારી સભ્યોની એક અગત્યની બેઠક પાટણના પ્રભારી લીલાધરભાઈ વાઘેલા, રાજ્યના ગૃહમંત્રી રજનીભાઈ પટેલની અધ્યક્ષતામાં યોજાઈ હતી.

તલોદના વેપારીના પુત્રને ઢોર માર મારતા પોલીસ ફરિયાદ

તલોદ, તા.૧૧

સાબરકાંઠા જિલ્લાના તલોદ માર્કેટયાર્ડમાં એક વેપારીની માલિકીની દુકાનમાં આજે સવારે કેટલાક લોકોએ હુમલો કરી વેપારીના યુવાન દિકરાને માર મારી ગેરકાયદેસર રીતે દુકાન બંધ કરી તાળાં મારી જાનથી મારી નાખવાની ધમકીઓ આપી હોવાની પોલિસ ફરિયાદ આજે તલોદ પોલીસ દફતરે નોંધાવા પામી છે. ઘટનાની તપાસ માર્કેટયાર્ડમાં લગાવેલા સીસી ટીવી ફૂટેજને આધારે તલોદ પોલીસ ચલાવી રહી છે.

તલોદ માર્કેટયાર્ડમાં ગોડાઉન નં. ૧૭૪ને માર્કેટ યાર્ડે એક જાહેર હરાજી દ્વારા આશરે રૂ. ૮ લાખ ૮૦ હજાર લઈ તા. ૧-૧-૧૪ના રોજ પન્નાબહેન મહેશકુમાર મહેતાને ફાળવી આપી હતી. જેમાં તેઓ અનાજ-તેલીબીયાંનો વ્યવસાય કરનાર હતા. યાર્ડે નક્કી કરેલ કિંમતની રકમ પાર્ટીએ ભરી દેતાં સદર ગોડાઉનનો કબજો માલિકી હક્ક સાથે પન્નાબહેન મહેતાનો સોંપ્યો હતો. આ દુકાનમાં આજે દુકાનમાલિકના પુત્ર પ્રતિક મહેશભાઈ મહેતા અને તેમના કુટુંબના સ્વજનો બેઠા હતા ત્યારે એકાએક ત્યાં જઈ ચડેલા દિલીપસિંહ, કેવલસિંહ અને નવલસિંહ નામના ૩ ઈસમોએ

પ્રતિકને આ તારા બાપનું ગોડાઉન નથી તેમ કહી ગાળાગાળી કરી તકરાર કરી હતી અને વધુ આક્રમક બન્યા હતા અને પ્રતિકને ગડદાપાટુનો માર અને પગ તથા બરડાના ભાગે લાકડીનો માર માર્યો હતો. ત્યારે ત્યાં હાજર એવા પ્રતિકના સ્વજન અને આસપાસના લોકો આવી જતાં તેને વધુ મારમાંથી છોડાવ્યો હતો. ફરિયાદ મુજબ જતાં જતાં તેઓ પ્રતિકને કહી ગયા હતા કે આજે તો તું બચી ગયો છે અને હવેથી આ ગોડાઉન ઉપર આવ્યો છે તો જાનથી મારી નાંખીશું.

આમ પન્નાબહેન મહેતાની માલિકીના અને કબજા ભોગવટાની ગોડાઉનની અન્ય ઈસમોએ ગેરકાયદે કબજો મેળવવા કરેલ તકરારથી ઘટના સ્થળે લોકોનું ટોળું એકઠું થઈ ગયું હતું. આ ઘટનાથી વેપારી આલમમાં સોંપો પડી ગયો હતો અને ઘટનાનું પુનરાવર્તન ન થાય તે દિશામાં કાર્યવાહી કરવાની તજવિજ હાથ ધરવામાં આવી હોવાનું જાણવા મળેલ છે.

તલોદ માર્કેટ યાર્ડ સમિતિના ચેરમેન નરેન્દ્રભાઈ પટેલે તલોદ પો.સ.ઈન્સને લેખિત જાણ કરી ગોડાઉન/દુકાન નં. ૧૭૪ તા. ૧-૧-૧૪થી પન્નાબહેન મહેશભાઈ મહેતાને કબજા ભોગવટા અને માલિકી હક્કથી સોંપેલ જે દુકાનમાં કેટલાક લોકોએ હુમલો કરી દુકાનને ગેરકાયદે રીતે બંધ કરી તાળાં મારી વેપારીને હેરાન કરેલ છે તો સદર દુકાનમાં પન્નાબહેન મહેતાને પુનઃ પ્રવેશમાં મદદ કરવા વિનંતી છે.

ભારતના ચૌદ રાજ્યમાં એક સાથે પુસ્તકનું વિમોચન

ડીસામાં 'હાર્ટ -માફિયા' પુસ્તકનું વિમોચન કરાશે

ડીસા, તા. ૧૧

ડીસામાં ૧૪ ફેબ્રુઆરી ૨૦૧૪ ના રોજ વર્લ્ડ રેકોર્ડ યુનિવર્સિટી પ્રકાશિત 'હાર્ટ માફિયા' પુસ્તકનું વિમોચન કરવામાં આવશે.

આજે એક તરફ વિજ્ઞાન સતત આગળ વધી રહ્યું છે અને અનેક ક્ષેત્રમાં તેની સિધ્ધિઓ અને સફળતાઓથી હકારત્મક પરિણામ મળ્યા છે. આ સમયમાં વિજ્ઞાન અને તેની સ્વાસ્થ્ય સંદર્ભની સેવાઓ પણ વિકસી રહી છે ત્યારે નાની વાત અને તેને આધારે અપાતી સારવારમાં સેવાને બાદ કરી માત્ર આર્થિક બાબતને મહત્વ આપવામાં આવે ત્યારે અનેક સવાલ ઉભા થાય છે. આખી દુનિયામાં જયારે હાર્ટને લગતા અનેક કરોડ દર્દી જોવા મળે છે. ત્યારે અનેક તબીબો માત્ર આર્થિક લાભ ખાતર પોતાની સેવાને આ પવિત્ર વ્યવસાયને બદનામ કરે છે. જેવી અનેક હકીકતોને આધારે તૈયાર થયેલ એક પુસ્તક 'હાર્ટ માફિયા' નું વિમોચન આખા ભારતના ચૌદ રાજ્યના એકવીસ શહેરોમાં એક સાથે થનાર છે. આ પુસ્તકના લેખક વિશ્વરૂપ ચૌધરીએ આવા બદનામ તબીબોની સત્ય કથાઓ અને તેની વિગતોને આધારે એક પુસ્તક તૈયાર કર્યું છે. આ પુસ્તકનું દિલ્હી, આગ્રા, બેન્ગલુર, ફરીદાબાદ સાથે ડીસા શહેરમાં ૧૪ મી ફેબ્રુઆરી ૨૦૧૪ ના રોજ આ પુસ્તકનું વિમોચન કરવામાં આવશે. પુસ્તક વિમોચન અંતર્ગત ૧૪ ફેબ્રુઆરીના રોજ ૧૪ રાજ્યના ૨૮ શહેરોમાં પ્રેસ કોન્ફરન્સનું આયોજન કરવામાં આવી રહ્યું છે. જેનો ઉદ્દેશ માત્ર આર્થિક લાભ માટે ઉપયોગમાં લેવાતી અપ્રચલિત, બિનજરૂરી અનૈતિક સર્જરીઓ અને પ્રક્રિયાઓ તથા બાઈપાસ સર્જરીઓ વગેરેને અટકાવવાનો છે.

દાંતીવાડા તાલુકા ભાજપની કારોબારીની બેઠક મળી !

દાંતીવાડા, તા.૧૧

દાંતીવાડા તાલુકા પંચાયતના બેઠક હોલ ખાતે તાલુકા ભાજપની કારોબારીની બેઠક મળી હતી. જ્યાં તાલુકાના હોદ્દેદારો તેમજ કાર્યકરો ખુબ જ મોટી સંખ્યામાં હાજર રહ્યા હતા તે સમયે જિલ્લાના ઈન્ચાર્જ દ્વારા આગામી ૨૦૧૪ની ચુંટણી અનુલક્ષી કાર્યોમાં તનતોડ મહેનતનું આહવાન કર્યું હતું.

પ્રાપ્ત માહિતી અનુસાર ગત રોજ બે વાગ્યાના સમય દરમિયાન તાલુકા પંચાયત બેઠક હોલમાં તાલુકા ભાજપ કારોબારીની બેઠક મળી હતી. કાર્યક્રમની શરુઆત વંદેમાતરમના ગાન તેમજ દીપ પ્રાગટયથી કરી હતી ત્યારબાદ તાલુકા ભાજપ પ્રમુખ બાબુભાઈ મોદી દ્વારા આવનાર દરેકનું શાબ્દિક સ્વાગત કરાયું હતું. જે બાદ આવનાર મહેમાન તેમજ હોદ્દેદારોનું ખેસ દ્વારા સ્વાગત કરાયું હતું. જે બાદ જિલ્લાના ઈન્ચાર્જ માધુભાઈ રાણા તેમજ મેરુજી ધુન્ખ દ્વારા વિગતવાર માહિતી અપાઈ હતી અને તાલુકામાં યુવા વર્ગમાં સદાય માટે તત્પર અને ઉત્સુક દરેક બેઠકોમાં ઉત્સાહ સાથે શબ્દોની મહેર કરાવતા રહ્યા છે. એવા તાલુકા ભાજપ મહામંત્રી નટુભાઈ ચૌધરીએ કાર્યકરોને એક સુત્ર 'વન નોટ-કમલ કો વોટ' આપ્યું હતું. સાથે સાથે બેઠકમાં આવનાર દિવસોના ભાગ રૂપે સંપૂર્ણ સીલ કરેલ કળશનું વિતરણ કરાયું હતું. જે કળશમાં ૧૧ ફેબ્રુઆરીથી ૧૭ ફેબ્રુઆરી સુધી દરેક બુથ પર જઈ ફાળો એકત્રિત કરવાનો રહેશે, ૧૮ ફેબ્રુઆરી મંડળ ૧૯એ જિલ્લા મથકે, ૨૦ એ પ્રદેશ મથકે પરત મોકલવા તેમજ ૨૧ થી ૨૮ ફેબ્રુઆરી ઓછામાં ઓછા એક લાખ ઘરો પર પાર્ટીના ધ્વજ લહેરાવાના આમ અનેક કાર્યોમાં જાગૃત રહી કામગીરી કરવા ઉપરી હોદ્દેદારો દ્વારા પાર્ટીના કાર્યોનું આહવાન કરાયું હતું. બેઠક દરમિયાન તાલુકાના હોદ્દેદારો, શક્તિ કેન્દ્રોના પ્રમુખ, પ્રભારીઓ તેમજ દરેક જવાબદારો અને યુવા કાર્યકરો બહોળી સંખ્યામાં હાજર રહ્યા હતાં.

(તસવીર : પ્રવિણ પટેલ, દાંતીવાડા)

બનાસકાંઠા નાયબ જિલ્લા વિકાસ અધિકારીની જાગૃતિએ

ડીસા પંથકના ગામોમાં બનાવટી ઠરાવ અને પત્રથી થતી છેતરપીંડીનો પર્દાફાશ

ગ્રામ્ય વિસ્તારનાં મકાનો ઉપર એલ્યુમીનીયમ પ્લેટ લગાડવાનો ચાર્જ રૂપિયા ૨૦ વસુલાતો હતો

ડીસા, તા. ૧૧

ડીસા તાલુકાના ગ્રામ્ય વિસ્તારમાંથી એક ઈસમ રૂપિયા ૨૦ની રકમ ઉઘરાવી ઘર દીઠ એક એલ્યુમીનીયમની પ્લેટ લગાવવાનું કામ કરતો જણાયો હતો. આ પ્લેટ પર રોજગાર ગેરંટી યોજના આવી છે ગામમાં ખુશહાલી લાવી છે. સ્વચ્છતા અપનાવો ગંદકી ભગાવો, સ્વચ્છ ગામ નિર્મળ ગામ, વાંચો લાખો અને આગળ વધો તેવું લખાણ લખી આ પ્લેટ ગ્રામીણ વિસ્તારોના મકાનો પર લગાવાતી હતી અને રૂપિયા ૨૦ વસુલાતા હતા જેનો વિરોધ ગામના લોકોએ નોંધાવ્યો હતો જો કે આ મામલે ડીસા તાલુકા પોલીસ આ રકમ ઉઘરાવનારા ઈસમો સાચા છે કે ખોટા તે બાબતની તપાસ હાથ ધરતી હતી તે દરમ્યાન થયેલ રજૂઆતે નાયબ જિલ્લા વિકાસ અધિકારીએ તપાસ હાથ ધરતા આ સમગ્ર કોભાંડ બહાર આવેલ છે અને તેમને જિલ્લાના તમામ તાલુકા વિકાસ અધિકારીઓને લેખિત પત્રે આ મામલાની તપાસ અને જરૂર જણાય તો ફરિયાદ કરવા તાકીદ કરતા સનસનાટી મચેલ છે.

આ ઘટનાની વિગતો જોઈએ તો ડીસા તાલુકામાં ઉત્તરપ્રદેશનાં કેટલાક ઈસમો મકાનો પર એલ્યુમીનીયમની પ્લેટો લગાવી ઘરદીઠ રૂપિયા ૨૦ ઉઘરાવતા હતા. એકાદ માસથી સુવ્યવસ્થિત રીતે ચાલતા આ કૌભાંડમાં આ ઈસમો ડીસાના રાણપુર ગામેથી કલ્યાણભાઈ રબારી હાથે શંકાસ્પદ રીતે ઝડપાતા આ મામલો ડીસા તાલુકા પોલીસ દફતરે પહોંચ્યો હતો. જેમાં પોલીસ તપાસમાં ઝડપાયેલા ઈસમે આ કામગીરી બનાસકાંઠા જિલ્લા પંચાયત દ્વારા ફાળવાયેલ હોવાનું જણાવી તેની પાસેના આવી કામગીરી કરવાનો ઈજારો તે ધરાવે છે. તેવો પત્ર પણ રજુ કર્યો હતો. આ પત્રને અસલ માની લઈ ડીસા તાલુકા વિકાસ અધિકારીએ કેશવભાઈ ગુમા ગામ-અજાગરા પોસ્ટ-ઓરીયા જિલ્લો-કેમું (ઉત્તરપ્રદેશ)નાઓને એક અધિકાર પત્ર આપ્યો હતો. અને ડીસા પંથકનાં સરપંચોને આ આગેવાન કલ્યાણભાઈ રબારીએ જાહેર કરી આ મામલે તપાસ કરવાની એક અરજી ડીસા તાલુકા પોલીસમથકમાં આપી હતી જે અરજીની તપાસ હેડ કોન્સ્ટેબલ કરસનભાઈ ચલાવી રહ્યા છે તેવાજ સમયે આ સમગ્ર મામલાની ન્યાયિક તપાસની જિલ્લા વિકાસ અધિકારી સમક્ષ રજૂઆત થતા અને જિલ્લા વિકાસ અધિકારી એ કે તેમની કચેરી એ ૨૯-૮-૨૦૧૩ નો બહાર આવેલો પત્ર બનાવતી હોવાનું જાહેર કરેલ છે.

આ સમગ્ર કૌભાંડ મામલે નાયબ જિલ્લા વિકાસ અધિકારી બનાસકાંઠાએ તેમના પત્ર નંબર ૩-૨-૨૦૧૪ થી જિલ્લાના તમામ તાલુકા વિકાસ અધિકારીઓ અને આયોજન અધિકારીને ઉદ્દેશી સ્પષ્ટ જાહેર કરેલ છે કે અત્રેના ધ્યાન પર આવેલ છે કે કેશુભાઈ ગુમા અને શ્રી ભરતભાઈ ગુમા ગામ-અજાકરા, પોસ્ટ-ઓરેવા, જિલ્લો-કેમુર-રાજ્ય બિહાર દ્વારા પોતાને ગ્રામ પંચાયતોમાં એલ્યુમીનીયમ પ્લેટ લગાવવાનું કામ બે તે માટે જિલ્લા પંચાયતના નામે ખોટા કાગળ ઉભો કરી તેમાં તાલુકા પંચાયત કે અન્ય કર્મચારીનાં મેળાપીપળાનામાં જિલ્લા વિકાસ અધિકારી બનાસકાંઠા વતી અમોએ કરેલ સહી સિક્કાને સ્કેનર પર લઈ તેના ઉભા કરાવેલા કાગળ ઉપર કોપી પેસ્ટ કરી તે કાગળ કેટલીક તાલુકા પંચાયતમાં રજુ કરી તે તાલુકા પંચાયત પાસે આ સંસ્થાને કામ મળે તેવો પત્ર તલાટી કમ મંત્રી તથા સરપંચ શ્રી પર લખાવેલ છે. જો કે આવી કોઈ સુચન અત્રેથી આપવામાં આવેલ નથી આવું માલુમ પડે તો આપના કક્ષાએથી સબંધિત સામે પોલીસ ફરિયાદ દાખલ કરવા સૂચના આપવામાં આવે છે. આમ, આ સમગ્ર મામલો છેતરપીંડીનો હોવાનું તંત્રે જાહેર કરતા જિલ્લાભરમાં આ કંદથી ચકચાર મચેલ છે.

ત્યારે સવાલ એ છે કે શું આવો જિલ્લા પંચાયતે ઠરાવ કરેલ છે કે કેમ ? આવો રકમ ઉઘરાવવાનો ઠરાવ યોગ્ય છે કરી ? આ ઠરાવ ૨૯-૮-૨૦૧૩ માં કરાયો હોવાથી જિલ્લામાં કેટલા ગામોમાં આવા પત્રો ફાળવાયેલા છે ? અને કેટલી પ્લેટો લગાવી છે ? કેટલા તાલુકાઓમાં આ કામગીરી કરાયેલ છે ? તેબાબતે મોટી તપાસનો વિષય બનેલ છે.

આપના શહેરમાં ૧૦૦૦ સ્કે. ફીટનો એ.સી. શો-રૂમ જેમાં છે...
સિરામિક વોલ ટાઈલ્સ ● વીટ્રીફાઈડ ટાઈલ્સ ● સિરામિક ફ્લોર ટાઈલ્સ ● એક્વાઆર્ટ ● વોલ ક્લેડીંગ ● માર્બલ સ્ટોન અને ક્વાર્ટઝ્ તેમજ વિવિધ પેટર્ન્સ અને કોમ્બીનેશન્સની વિશાળ શ્રેણી
એક્સક્લુસિવ શો-રૂમ
AGL Radhe
TILES WORLD ENTERPRISE
પહેલે માળ, ૧૦૧, ૧૦૨, ૧૦૩, જય યોગેશ્વર કોમ્પલેક્સ, સિટી પલ્સ સિનેમા પાસે, કુડાસણ બસ સ્ટોપની સામે, ગાંધીનગર - કોબા હાઈવે, ગાંધીનગર. મોબાઈલ : ૯૪૨૬૫ ૧૩૬૦૧

ગાંધીનગરવાસીઓવા અતૂટ વિશ્વાસ અને સહકારથી આપની સેવામાં સરકાર માન્ય
મોર્ડન મોટર્સ
પ્લોટ નં. ૪૦૩, જી.આઈ.ડી.સી., કામા મોટર્સની બાજુમાં, સેક્ટર-૨૮, ગાંધીનગર
ફોન : ૨૩૨૧૧૪૮૫ ● મો. : ૯૮૨૫૨૬૨૨૯૧
સુવિધાઓ
● વ્હીલ એલાઈનમેન્ટ ● બેલેન્સીંગ (કોમ્પ્યુટરાઈઝ્ડ)
● સરકાર માન્યતા પ્રાપ્ત ● અદ્યતન વર્કશોપ, બોડીકામ,
● વાહનોનું રીપેરીંગ કામશ્ર મોટો ઈલેક્ટ્રીક કામ
● જેન્યુન પાર્ટસ ● સર્વિસીંગ ● ઓઈલ ચેઈન્જ
EXIDE બેટરીના ઓથોરાઈઝ્ડ ડીલર
કેસ્ટ્રોલ ઓઈલના ઓથોરાઈઝ્ડ ડીલર
પેટ્રોલ વાહનનું પી.યુ.સી. સ્ટેશન